# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૫ તા.૨૯-૦૯-૨૦૨૩

**ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-**

વિષય - ખેલ મહાકુંભ ૨.૦-૨૦૨૩ અંતર્ગત ખેલાડીઓના ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ - ડાયરેક્ટર જનરલશ્રી,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર તા.૨૭/૦૯/૨૦૨૩નો પત્ર ક્રમાંક:એસ.એ.જી/ખેમકું ૨.૦/૨૦૨૩-૨૪/૧૯૦૬૭ થી ૧૯૦૬૮ ખેલમહાકુંભ ૨.૦ રજિસ્ટ્રેશન પરિપત્ર

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, સરકારશ્રીના રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ છે. ખેલમહાકુંભ નો હેતુ સ્પર્ધાના માધ્યમથી રમતગમતનુ વાતાવરણ ઉભુ થાય, રમતના ખેલાડીઓ રમતગમત ક્ષેત્રમાં આગળ આવી શાળા, ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્યને ગૌરવ અપાવવાની દિશામાં પ્રગતિ કરે તેમજ શારીરિક સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવાનો ઉમદા આશય છે.

ખેલ મહાકુંભની ગ્રામ્યકક્ષા / શાળાકક્ષા, તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષા સુધીનું અલગ-અલગ વયજુથમાં વિવિધ ૩૯-રમતોની સ્પર્ધાઓના રજીસ્ટ્રેશન માટે તા.૨૩/૦૯/૨૦૨૩ના રોજ ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩ રજિસ્ટ્રેશનના કર્ટેન રેઈઝર કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી,ગુજરાત રાજ્ય દ્વારા પ્રારંભ કરવામાં આવેલ છે.જે અન્વયે ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩ અંતર્ગત બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી શાળા/ગ્રામ્ય કક્ષા,તાલુકાકક્ષા,જિલ્લાકક્ષા,રાજ્યકક્ષા સુધી વિવિધ ૩૯-રમતોને અલગ-અલગ વયજુથમાં સમાવેશ કરી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.જેથી ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩ અંતર્ગત ઓનલાઇન રજીસ્ટ્રેશન તા.૨૩/૦૯/૨૦૨૩ના રોજથી શરૂ કરવામાં આવેલ છે.ખેલમહાકુંભમાં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા માટેની વેબસાઇટ https://khelmahakumbh. gujarat. gov.in છે.

ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩ અંતર્ગત અંડર-૯,૧૧,૧૪,૧૭ તથા ઓપન એઇજ (સીનીયર) ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત રહેશે અને દરેક શાળાએ એક શિક્ષકને નોડલ શિક્ષક તરીકે નીમવાનો રહેશે અને તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ખેલ મહાકુંભ ૨.૦ -૨૦૨૩ અંતર્ગત **શાળાકક્ષાએ યોજાતી અંડર-૯, ૧૧, ૧૪ અને અંડર-૧૭ વયજુથની ખેલમહાકુંભની એથ્લેટીક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે.**

ખેલમહાકુંભ ૨.૦-૨૦૨૩ અંતર્ગત ભાગ લેવા માટે ખેલાડીઓએ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન થયા વગરના કોઇપણ ખેલાડી સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ. જેથી આપની શાળાના ખેલાડીઓ વધુને વધુ ખેલ મહાકુંભ ૨.૦ -૨૦૨૩ અંતર્ગત સ્પર્ધામાં ભાગ લે તે માટે સત્વરે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવા આથી જણાવવામાં આવે છે.

**સ્પર્ધાઓ :**

1. **શાળા અને ગ્રામ્યકક્ષાથી શરુ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧. | ૯ વર્ષથી નીચે | ૩૦ મી. દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ |
| ૨. | ૧૧ વર્ષથી નીચે | ૫૦ મી. દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ |
| ૩. | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૪. | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |

2. **તાલુકાકક્ષાથી શરુ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧. | ૧૧ વર્ષથી નીચે | ચેસ |
| ૨. | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૩. | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |

3. **જિલ્લા કક્ષાથી શરુ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧. | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, સ્કેટીંગ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, બેડમિન્ટન |
| ૨. | ૧૪ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી. બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, કરાટે, આર્ટીસ્ટીક સ્કેટીંગ. |
| ૩. | ૧૭ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી. બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, યોગાસન, કરાટે, રગ્બી. |

4. **સીધી રાજ્ય કક્ષાએ યોજાતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧. | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ |
| ૨. | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, ટેકવેન્ડો, જિન્માસ્ટીક્સ, સ્કેટીંગ, મલખમ્બ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ. |
| ૩. | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, ટેકવેન્ડો, જુડો, કુસ્તી, આર્ચરી, વેઇટલીફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, જિન્માસ્ટીક્સ, સ્કેટીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ, વુડબોલ. |

**સ્પર્ધાના સામાન્ય નિયમો :**

- જે કક્ષાએથી સ્પર્ધા શરુ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિધાર્થીઓની ટીમ હોવી જોઈએ. જેના મુખ્ય શિક્ષક અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનોફાઈડ વિદ્યાર્થીઓ હોવા જોઈએ.
- રજીસ્ટ્રેશન કરતી વખતે જે તે ખેલાડીએ જન્મ તારીખ સાચી દર્શાવવાની રહેશે. જન્મ તારીખ ખોટી દર્શાવી રજીસ્ટ્રેશન થયેલ હશે તો તે ખેલાડી ખેલ મહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઇ શકશે નહી.
- કોઈ પણ રમતવીર કોઈ પણ એક જીલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઇ શકશે.
- રજીસ્ટ્રેશનની કોઈપણ સમસ્યા બાબતે રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.
- ખેલાડી ગુજરાત રાજ્યનો જન્મથી વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજ્યમાં છેલ્લા બે વર્ષથી અભ્યાસ / નોકરી / વ્યવસાય / નિવાસ કરતો હોવો જોઈએ. જેના આધાર પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- જે ખેલાડી જે જીલ્લામાં ભાગ લે તે જીલ્લામાં નિવાસ / વ્યવસાય ૬ માસથી કરતો હોવો જોઈએ તેમજ તેના આધાર - પુરાવા કે પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- શાળામાં / કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જ્યાં અભ્યાસ કરતાં હોય તે તાલુકા / જીલ્લામાંથી ભાગ લઇ શકશે.

બિડાણ: સંદર્ભિત પત્ર

તા. ૨૯ - ૦૯ - ૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:એસએજી/ખેમકું 2.0/૨૦૨૩-૨૪ 119067 to 19068
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
વહીવટી બિલ્ડીંગ,
સેકટર-૧૩, બી, ખ-૩ સર્કલ નજીક,
વાવોલ રેલ્વે ક્રોસીંગ પાસે,
ગાંધીનગર.
તા.૨૧/૦૯/૨૦૨૩

## વિષય:- ખેલમહાકુંભ 2.0 રજિસ્ટ્રેશન

## પરિપત્ર :-

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલમહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા/ગ્રામ્ય,તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ની વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

### (૧) રજિસ્ટ્રેશન:-

૧. ખેલમહાકુંભ ૨.૦નું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા.૨૩/૦૯/૨૦૨૩થી શરૂ કરવામાં આવેલ છે.
૨. ખેલમહાકુંભ ૨.૦માં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in છે.
૩. અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે.
૪. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે.
૫. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામ/શહેરની સ્કુલ/હાઈસ્કુલમાંથી અથવા ખેલમહાકુંભ માટેની વેબસાઈટથી રજિસ્ટ્રેશન કરાવી શકશે.
૬. જિલ્લાકક્ષાએ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર કચેરીએથી પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

### (૨) સ્પર્ધાઓ

**૧. શાળા અને ગ્રામ્યકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | ૩૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ૫૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૪ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૫ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |

૨. તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | ચેસ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | ચેસ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ |

૩. જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, સ્કેટીંગ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, બેડમિન્ટન |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, કરાટે, આર્ટીસ્ટીક સ્કેટીંગ |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો, યોગાસન, કરાટે, રગ્બી |
| ૪ | ઓપન એજ ગ્રુપ | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવોન્ડો, શુટીંગબોલ, કરાટે, યોગાસન, રગ્બી, આર્ટીસ્ટીક સ્કેટીંગ |
| ૫ | ૪૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ, શુટીંગબોલ |
| ૬ | ૬૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |

૪. સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ, સ્કેટીંગ |
| ૨ | ૧૪ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, ટેકવોન્ડો, જિમ્નાસ્ટીકસ, સ્કેટીંગ, મલખમ્બ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ |
| ૩ | ૧૭ વર્ષથી નીચે | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવોન્ડો,વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, શુટીંગ, જિમ્નાસ્ટીકસ, સ્કેટીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, રોલબોલ, સેપક ટકરાવ, વુડબોલ |
| ૪ | ઓપન એજ ગ્રુપ | એથ્લેટીકસ, સ્વીમીંગ, ટેકવોન્ડો, જૂડો, કુસ્તી, આર્ચરી, જિમ્નાસ્ટીકસ, સાયકલિંગ (૨૦ કિ.મી.), શુટીંગ, સ્કેટીંગ, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, મલખમ્બ, સોફ્ટ ટેનીસ, સ્પોર્ટસ ક્લાઈમીંગ, ઘોડેસવારી, વુડબોલ, બીચ હેન્ડબોલ, બીચ વોલીબોલ |
| ૫ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન |

**(3) સ્પર્ધાના સામાન્ય નિયમો :-**

- જે કક્ષાએથી સ્પર્ધા શરૂ થાય ત્યાં ટીમ રમતમાં માત્ર એક જ શાળાના વિધાર્થીઓની ટીમ હોવી જોઈએ. જેના આચાર્ય અને શાળાનો કોડ નંબર એક હોવો જોઈએ અને બોનાફાઈડ વિધાર્થીઓ હોવા જોઈએ.
- રજિસ્ટ્રેશન કરતી વખતે જેતે ખેલાડીએ જન્મ તારીખ સાચી દર્શાવવાની રહેશે. જન્મ તારીખ ખોટી દર્શાવી રજિસ્ટ્રેશન થયેલ હશે તો તે ખેલાડી ખેલ મહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઈ શકશે નહી.
- કોઈ પણ રમતવીર કોઈ પણ એક જિલ્લામાંથી બે જ રમતમાં ભાગ લઈ શકશે.
- રજિસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર. ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ ઉપર સંપર્ક કરવાથી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.
- ખેલાડી ગુજરાત રાજયનો જન્મથી વતની હોવો જોઈએ અથવા ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી અભ્યાસ/ નોકરી/વ્યવસાય/ નિવાસ કરતા હોવો જોઈએ. જેના આધાર પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- જે ખેલાડી જે જિલ્લામાં ભાગ લે તે જિલ્લામાં નિવાસ/વ્યવસાય છેલ્લા ૬ માસથી કરતો હોવો જોઈએ તેમજ તેના આધાર-પુરાવા કે પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.
- શાળામાં/કોલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ જ્યાં અભ્યાસ કરતાં હોય તે તાલુકા/જિલ્લામાંથી ભાગ લઈ શકશે.
- કર્મચારીના કિસ્સામાં અન્ય રાજયમાંથી બદલી/ડેપ્યુટેશનથી આવેલ કર્મચારીએ રજિસ્ટ્રેશનની તારીખે ઓછામાં ઓછા છ માસ પહેલા બદલી થઈને ગુજરાતમાં જે તે જિલ્લામાં આવેલ હોય તો જ ભાગ લઈ શકશે.

ખેલ મહાકુંભ એ સરકારશ્રીનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ તેને સફળ બનાવવા અસરકારક આયોજન અને અમલીકરણ કરવા આ પરિપત્રની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

(આર.એસ.નીનામા)
ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

બિડાણઃ- પત્રક- બ- રોકડ- પુરસ્કાર

**નકલ સવિનય રવાના જાણ સારૂં**

(૧) અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર

(૨) અંગત સચિવ
માન. અગ્ર સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

(૧) કલેક્ટરશ્રી, તમામ

(૨) મ્યુ.કમિશ્નરશ્રી,તમામ,

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ

(૪) વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

(૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર

(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર

(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૧૦) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

(૧૧) પ્રિન્સીપાલશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન તમામ

(૧૨) શાસનાધિકારીશ્રી, મ્યુનિ.કોર્પોરેશન તમામ

(૧૩) પ્રમુખ/મંત્રીશ્રી, રાજયકક્ષાના માન્ય રમતગમત મંડળો

(૧૪) જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ

(૧૫) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ

(૧૬) શાખા અધિકારીશ્રી, એસ.એ.જી., તમામ

# પત્રક-બ

| ખેલમહાકુંભ ૨.૦ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર | | | | | |
| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
| અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭, ઓપન એઈજ ગ્રૃપ, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપર | | | | | |
| ૧ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૦૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૭૫૦ | ૫૦૦ |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |
| શ્રેષ્ઠ શાળા | | | | | |
| ૨ | શાળા | તાલુકાકક્ષા | પ્રથમ | ૨૫૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૫૦૦૦ | - |
| | | | તૃતિય | ૧૦૦૦૦ | - |
| ૩ | શાળા | જિલ્લાકક્ષા | પ્રથમ | ૧૫૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૭૫૦૦૦ | - |
| ૪ | શાળા | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦૦૦ | - |

| રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓના કોચને ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | ટીમ રૂ. |
| અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭, ઓપન એઈજ ગ્રૃપ | | | | | |
| ૧ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |